For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરામાં ‘સરદારધામ-3’ ના મંચ પર લખાશે નવો ઇતિહાસ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અર્પણ કરાશે સંપૂર્ણ સોનાનો ‘સરદાર ગૌરવ રત્ન એવોર્ડ’

કાશમીરમાંથી 370 નાબૂદ કરી અખંડ ભારતનું સપનું સાકાર કરનાર વડાપ્રધાનનું પાટીદાર સમાજ કરશે શાહી સન્માન




(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરાના આંગણે આયોજિત થઈ રહેલા ‘સરદારધામ-3’ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના ભવ્ય મંચ પરથી રાષ્ટ્રના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એક અનોખું અને ઐતિહાસિક સન્માન કરવામાં આવશે. પાટીદાર સમાજ દ્વારા વડાપ્રધાનને સંપૂર્ણ સોનામાંથી કંડારાયેલો ‘સરદાર ગૌરવ રત્ન એવોર્ડ’ આપી નવાજવામાં આવશે.

વડોદરા ખાતે ‘સરદારધામ-3’ ની વિગતો આપતા ભાજપના અગ્રણી ગોરધન ઝડફિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના મસ્તક સમાન કશ્મીરમાંથી કલમ 370 નાબૂદ કરીને રાષ્ટ્રને એક અખંડ સ્વરૂપ આપ્યું છે. વડાપ્રધાનના ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ના વિઝનને કારણે આજે વૈશ્વિક સ્તરે ભારતનું નામ ગૌરવ સાથે લેવાય છે. આ રાષ્ટ્રીય યોગદાન અને ભારતને એકજૂટ કરવાના ભગીરથ કાર્યને બિરદાવવા પાટીદાર સમાજે આ સન્માનનો નિર્ણય લીધો છે.

વડાપ્રધાનને અર્પણ કરવામાં આવનાર આ ‘સરદાર ગૌરવ રત્ન એવોર્ડ’ સંપૂર્ણપણે શુદ્ધ સોનામાંથી બનાવવામાં આવ્યો છે. આ એવોર્ડની ડિઝાઈન લાંબા સમય પૂર્વે ખાસ રજિસ્ટર કરાવવામાં આવી છે. ગોરધન ઝડફિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, કદાચ દેશના ઈતિહાસમાં આ પ્રથમ ઘટના હશે જ્યાં કોઈ સમાજ દ્વારા વડાપ્રધાનને સંપૂર્ણ સોનાનો એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવશે.

વડોદરામાં સરદારધામ-3 ના માધ્યમથી પાટીદાર સમાજ માત્ર બિઝનેસ ક્ષેત્રે જ નહીં, પરંતુ રાષ્ટ્ર નિર્માણના કાર્યોમાં વડાપ્રધાનના નેતૃત્વને સમર્થન આપી આ નમ્ર પ્રયાસ કરી રહ્યો છે. આ જાહેરાતને પગલે પાટીદાર સમાજમાં ભારે ઉત્સાહ છે અને વડોદરામાં યોજાનાર આ કાર્યક્રમ પ્રત્યે સમગ્ર દેશની નજર રહેશે.

# શિવમ પેરેડાઈઝમાં રહીશોની પરવાનગી વિના સ્માર્ટ વીજ મીટર લગાવતા વિવાદ

**આઈકાર્ડ** વિના આવેલા કોન્ટ્રાક્ટના કર્મીઓ દ્વારા ઉદ્ધતાઈભર્યું વર્તન કરાયું હોવાના આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા શહેરમાં ફરી એક વખત સ્માર્ટ વીજ મીટર સામે વિરોધ જોવા મળ્યો છે. શહેરના મકરપુરા એસટી ડેપો નજીક હવેલી પાસે આવેલા શિવમ પેરેડાઇઝમાં કોન્ટ્રાક્ટના કર્મચારીઓ દ્વારા રહીશોની પરવાનગી લીધા વગર સાત પૈકી બે ટાવરોમાં સ્માર્ટ વીજ મીટર લગાવતા વિવાદ થયો હતો. સ્થાનિક રહીશો અને કોન્ટ્રાક્ટના કર્મચારીઓ વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી. રહીશોએ કર્મચારીઓ દ્વારા ધમકી પણ આપવામાં આવી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા.

મકરપુરા એસટી ડેપો નજીક આવેલા શિવમ પેરેડાઇઝમાં કુલ સાત ટાવર આવેલા છે. ગુરુવારે અહીં એ અને બી ટાવરમાં વીજ કંપનીના કોન્ટ્રાક્ટ ના માણસો સ્માર્ટ વીજ મીટર લગાવવા માટે પહોંચ્યા હતા. સ્થાનિક રહીશોની જાણ વિના સ્માર્ટ વીજ મીટર લગાવવામાં આવતા સ્થાનિક રહીશોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. સ્થાનિક રહીશોના કહ્યા મુજબ એક અઠવાડિયા પહેલા આ લોકો આવ્યા હતા. એમને અમે ના પાડી હતી અને કીધું હતું કે બધા ટાવરના પ્રમુખોને મળીને જો એ પરમિશન આપે તો તમે મીટર બદલજો, બાકી પરવાનગી વિના બદલતા નહીં. તેમ છતાં આજે બધાને પૂછ્યા વગર ગેરકાયદેસર સોસાયટીમાં એન્ટ્રી કરી અને કોઈ પણ પ્રકારની જાણ કર્યા વિના મીટર બદલીને ગયા છે. અમારી બધી મહિલાઓ નીચે ઉતરી હતી. ત્યારે, ખબર પડી કે આ લોકો મીટર બદલે છે. ત્યારે આવીને અમે એમને જણાવ્યું કે, કોની પરમિશનથી બદલો છો તો એ લોકો બધા અમને પોલીસની ધમકી આપવા લાગ્યા. અમે એમની પાસે આઈડી પ્રુફ માંગ્યું કે તમારું આઈડી પ્રૂફ બતાવો, તમે જીઈબી માંથી કે ક્યાંથી આવ્યા છો? તો એમને કીધું કે અમે કોન્ટ્રાક્ટ ના માણસો છીએ હવે એમની પાસે આઈડી પ્રૂફ પણ ન હતું. એમણે એમના ઉપલી અધિકારીઓને ફોન કર્યો તો એમને પણ અમે પૂછ્યું કે, અંદર એન્ટ્રી કેવી રીતે કરી પરવાનગી લીધા વિના તો પણ સાહેબો ફોન પર અમને ધમકી આપે છે કે, પોલીસ આવે છે તમને પોલીસ સ્ટેશન જવું પડશે પણ અમે જે પૂછ્યું એનો જવાબ આપતા નથી. અમે મીટર બદલવાની ના નથી પાડતા પણ અમને જ્યારે સંતોષ થશે ત્યારે બદલીશું પણ અમારી પરમિશન વગર બદલશે એ નહીં ચાલે.

### 75% સભ્યો વાલીઓમાંથી જ રહેશે

# હવે સ્કૂલ મેનેજમેન્ટમાં વાલીઓનો વધશે દબદબો

**વાલીઓની** ભાગીદારી વધારી શિક્ષણની ગુણવત્તા સુધારવાનો ઉદ્દેશ

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા દેશભરની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ માટે મહત્વની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. નવી ગાઈડલાઈન મુજબ હવે સ્કૂલ મેનેજમેન્ટ કમિટીમાં 75 ટકા સભ્યો વાલીઓ રહેશે. આ નિર્ણયથી શાળા સંચાલનમાં વાલીઓની ભૂમિકા અને જવાબદારી વધશે.

અત્યાર સુધી કમિટીમાં વાલીઓનું પ્રતિનિધિત્વ મર્યાદિત હતું. પરંતુ નવી ગાઈડલાઈન મુજબ કમિટીના કુલ સભ્યોમાંથી ત્રણ-ચતુર્થાંશ એટલે કે 75% સભ્યો વિદ્યાર્થીઓના વાલીઓમાંથી જ નિયુક્ત કરવામાં આવશે. બાકીના 25%માં શિક્ષકો, સ્થાનિક સત્તાધીશો અને શિક્ષણવિદોનો સમાવેશ થશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયનો મુખ્ય ઉદ્દેશ શાળાના વહીવટમાં પારદર્શિતા લાવવાનો અને વાલીઓને સીધી રીતે નિર્ણય પ્રક્રિયામાં જોડવાનો છે. વાલીઓની સક્રિય ભાગીદારીથી શાળાના વિકાસ, શિક્ષણની ગુણવત્તા, બાળકોની હાજરી અને શાળાની સુવિધાઓ અંગે વધુ સારા નિર્ણયો લઈ શકાશે. આરટીઈ એક્ટ-2009 હેઠળ સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની રચના ફરજિયાત છે, જેને હવે વધુ સશક્ત બનાવવામાં આવી રહી છે. મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ ગાઈડલાઈનનો તાત્કાલિક અમલ કરવા સૂચના આપી છે. શાળાઓએ નવા નિયમ મુજબ સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની પુનઃરચના કરીને તેનો રિપોર્ટ શિક્ષણ વિભાગને મોકલવાનો રહેશે. શિક્ષણ નિષ્ણાતોના મતે, આ પગલાથી શાળા અને વાલી વચ્ચે સંવાદ વધશે અને બાળકોના સર્વાંગી વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ ઊભું થશે.

### ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સાથે રૂ. 70 લાખની છેતરપિંડી

# ફિનલેન્ડ-આલ્બેનિયાના વર્ક પરમિટ વિઝાની લાલચ આપી 16 ગ્રાહકોને ઠગ્યા

**અજન્ટે** મોકલેલા વિઝા, ઓફર લેટર અને એમ્બેસીની રસીદો ચેક કરાવતા નકલી નીકળ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સાથે 70 લાખ રૂપિયાની મોટી છેતરપિંડી કરાઈ છે. ફિનલેન્ડ અને આલ્બેનિયાના વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી ઠગે 16 ગ્રાહકો પાસેથી લાખો રૂપિયા પડાવી લીધા હતા. બાદમાં નકલી વિઝા, ઓફર લેટર અને એમ્બેસીની રસીદો મોકલી ઠગાઈ આચરતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. આ મામલે અકોટા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**ભાંડો ફૂટતા આરોપીએ નંબર બ્લોક કરી દીધો**

છેતરપિંડીનો ભાંડો ફૂટતા મેહુલભાઈએ આરોપી રોકી પટેલનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપીએ તેમનો નંબર બ્લોક કરી દીધો હતો અને રૂપિયા પરત આપ્યા નહોતા. આખરે મેહુલભાઈએ અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

માંજલપુર વિસ્તારમાં રહેતા અને અકોટાના ઈન્ડિયાબુલ્સ મેગામોલ ખાતે “જીયા ઈમિગ્રેશન” નામે ઓફિસ ચલાવતા મેહુલભાઈ અરવિંદભાઈ પટેલે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેઓ વર્ષ 2019થી વર્ક પરમિટ વિઝા સંબંધિત વ્યવસાય સાથે સંકળાયેલા છે. જાન્યુઆરી-2025 દરમિયાન તેમના વોટ્સએપ પર વિદેશી નંબર પરથી વીડિયો કોલ આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાનું નામ અંકિત ઉર્ફે અક્ષિત ઉર્ફે રાજ ઉર્ફે રોકી પટેલ હોવાનું જણાવ્યું હતું. આરોપી મૂળ ગાંધીનગરનો હોવાનું અને હાલ નોઈડામાં રહેતો હોવાનું બહાર આવ્યું છે.

આરોપીએ ફિનલેન્ડ અને આલ્બેનિયા માટે વર્ક પરમિટ વિઝાની પ્રક્રિયા કરાવવાની ઓફર કરી હતી. સાથે જ અગાઉ અનેક લોકોને વિદેશ મોકલ્યાનો દાવો કરી મેહુલભાઈનો વિશ્વાસ જીત્યો હતો. આરોપીની વાતોમાં આવી મેહુલભાઈએ પોતાના તેમજ અન્ય એજન્ટોના કુલ 16 ગ્રાહકો પાસેથી વિઝા પ્રક્રિયા માટે મોટી રકમ મેળવી હતી.

આલ્બેનિયા માટે ચાર ગ્રાહકો પાસેથી રૂ.18 લાખ અને ફિનલેન્ડ માટે છ ગ્રાહકો પાસેથી રૂ.39 લાખ એકત્રિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત અન્ય એજન્ટોના પાંચ ગ્રાહકો તથા એક વ્યક્તિ પાસેથી મળીને રૂ.78 લાખની રકમ ભેગી થઈ હતી. આરોપીના કહેવા મુજબ રૂ.70 લાખ આંગડીયા મારફતે દિલ્હીના સરનામે મોકલવામાં આવ્યા હતા.

ત્યારબાદ ગ્રાહકોના પાસપોર્ટ અને અન્ય જરૂરી ડોક્યુમેન્ટ વોટ્સએપ મારફતે આરોપીને મોકલવામાં આવ્યા હતા. આરોપીએ વિઝા, વર્ક પરમિટ, ઓફર લેટર અને એમ્બેસીની રસીદો મોકલી પ્રક્રિયા પૂર્ણ થયાનો દાવો કર્યો હતો. જોકે સરકારી વેબસાઇટ પર ચકાસણી કરતા તમામ ડોક્યુમેન્ટ નકલી હોવાનું સામે આવ્યું હતું.

# ધો.6માં 3 ભાષાની ફોર્મ્યુલા લાગુ 1 જુલાઈથી તમામ શાળામાં અમલ

**સીબીએસઈના** વિદ્યાર્થીઓએ ત્રણ ભાષા ભણવી ફરજિયાત

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલીકરણના ભાગરૂપે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ધોરણ-6થી ત્રણ ભાષાની ફોર્મ્યુલા લાગુ કરવા માટે સીબીએસઈએ તમામ સંલગ્ન શાળાઓને 1 જુલાઈ, 2026થી અમલ કરવા તાકીદ કરી છે.

નેપ-2020 મુજબ, વિદ્યાર્થીઓએ ધોરણ-6થી 8 દરમિયાન ત્રણ ભાષાઓનો અભ્યાસ કરવાનો રહેશે. જેમાંથી ઓછામાં ઓછી બે ભાષા ભારતીય હોવી ફરજિયાત છે. વિદ્યાર્થીઓ માતૃભાષા, રાજ્યભાષા, હિન્દી, અંગ્રેજી અથવા આઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ કોઈપણ ભાષાની પસંદગી કરી શકશે. સીબીએસઈ દ્વારા જારી કરાયેલા પરિપત્ર મુજબ, શૈક્ષણિક સત્ર 2026-27થી એટલે કે 1 જુલાઈ, 2026થી ધોરણ-6માં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓ માટે આ નિયમ લાગુ પડશે. શાળાઓએ સમયપત્રક અને અભ્યાસક્રમમાં જરૂરી ફેરફાર કરી તૈયારી રાખવાની રહેશે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ બહુભાષીયતાને પ્રોત્સાહન આપવાનો અને વિદ્યાર્થીઓમાં ભારતીય ભાષાઓ પ્રત્યે ગૌરવની ભાવના વિકસાવવાનો છે.

સાથે જ બાળકો નાનપણથી જ વધુ ભાષાઓ શીખે તો તેમની જ્ઞાનાત્મક ક્ષમતાનો વિકાસ થાય છે, તેવું શિક્ષણ નિષ્ણાતોનું માનવું છે. સીબીએસઈએ સ્પષ્ટતા કરી છે કે આ ફોર્મ્યુલા કોઈ ચોક્કસ ભાષા લાદવા માટે નથી, પરંતુ વિદ્યાર્થીઓને પસંદગીની સ્વતંત્રતા આપીને ભાષાકીય વિવિધતાને જાળવી રાખવા માટે છે. શાળા સંચાલકોને સૂચના આપવામાં આવી છે કે તેઓ વાલીઓ અને વિદ્યાર્થીઓને આ અંગે યોગ્ય માર્ગદર્શન આપે.

### અંગ દઝાડતી ગરમીનો બપોરે કહેર




■ શહેરમાં ગરમીનો પારો સતત ઊંચે જઈ રહ્યો છે, જેના કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું છે. શહેરીજનો કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. લૂ ના લાગે તેની કાળજી રાખી તાપથી બચવા વાહન ચાલકો શરીરને ઢાંકીને બહાર નીકળી રહ્યા છે.

# ગરમીનો પારો વધીને 41.6 ડીગ્રીએ પહોંચ્યો

**ગરમીના** કારણે લોકો કામ વગર બહાર નીકળવાનું ટાળ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરામાં સૂર્યનારાયણ આકરા પાણીએ છે. શહેરમાં ગરમીનો પારો સતત ઊંચે જઈ રહ્યો છે, જેના કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું છે. ગુરુવારે શહેરનું મહત્તમ તાપમાન 41.6 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 28.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 72 ટકા અને સાંજે 18 ટકા નોંધાયું હતું. આગામી તા.10 ના રોજ ગરમીનો પારો 43 અને 11 ના રોજ 44 ડીગ્રી સાથે હિટવેવની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ બે દિવસ યલો એલર્ટ અપાયું છે. હાલ, ગુજરાતમાં કાળઝાળ ગરમીનો કહેર યથાવત છે. રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન 42થી 44 ડિગ્રી પાર પહોંચ્યું છે અને લોકો તપતા તડકામાં દાઝી રહ્યા છે. રસ્તાઓ સુમસામ બન્યા છે અને બપોરે બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં પણ જાણે આકાશમાંથી આગ વરસી રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ગરમીનો પારો 40 ડિગ્રીને પાર કરી ગયો છે અને બપોરના સમયે રસ્તાઓ પર સ્વયંભૂ કરફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરીજનો ઘરની બહાર નીકળતા પહેલા રક્ષણાત્મક કવચ લેવા મજબૂર બન્યા છે. ટુ-વ્હીલર ચાલકો મોઢે રૂમાલ, માથે ટોપી અને આંખે ચશ્મા ચઢાવીને જ બહાર નીકળી રહ્યા છે. તો વળી બપોરના સમયે બજારોમાં ગ્રાહકોની અવરજવર ઓછી જોવા મળી રહી છે. ગરમીના કારણે લોકો કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

### સેવાસીની નવી સાઈટ પર હૃદયદ્રાવક ઘટના

# લીમડાના ઝાડ નીચે મિત્રો સાથે વાતો કરતા ઊંડેરાના પ્રૌઢનું બેભાન થતા મોત

**હોસ્પિટલ** પહોંચે તે પહેલા જ પ્રાણ પંખેરુ ઉડી ગયું

(પ્રતિનિધિ) વડોદરા. તા.7

વડોદરાના છેવાડે આવેલા સેવાસી વિસ્તારમાં આજે બપોરના સમયે એક હૃદયદ્રાવક ઘટના બની હતી. સેવાસી ગામની નવી બની રહેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર મિત્રો અને સહકર્મીઓ સાથે વાતો કરી રહેલા 50 વર્ષીય આધેડ અચાનક ખુરશીમાં જ ઢળી પડ્યા હતા. હોસ્પિટલ પહોંચતા પૂર્વે જ તેમનું મોત નીપજતા પરિવાર અને મિત્રવર્તુળમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી વિગત મુજબ, વડોદરા તાલુકાના ઊંડેરા ગામના વૈકુંઠધામ સોસાયટીમાં રહેતા 50 વર્ષીય મિનેશભાઈ પરસોત્તમભાઈ પટેલ વ્યવસાયે કન્સ્ટ્રક્શન લાઈન સાથે સંકળાયેલા હતા. આજે બપોરે આશરે 12 વાગ્યાના સુમારે તેઓ સેવાસી ગામે ઈસ્કોન હારમનીની સામે ચાલી રહેલી સંજય પટેલની નવી કન્સ્ટ્રક્શન સાઈટ પર ગયા હતા.

ભરબપોરે ગરમીથી બચવા માટે તેઓ સાઈટ પરના એક લીમડાના વૃક્ષ નીચે ખુરશી નાખીને બેઠા હતા. તેમની સાથે તેમના સહકર્મીઓ તુષાર જયેશભાઈ ભટ્ટ અને પિયુષ કાનજીભાઈ પીપળીયા પણ હાજર હતા. ત્રણેય મિત્રો હસી-ખુશીથી વાતો કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક મિનેશભાઈની તબિયત લથડી હતી અને તેઓ કશું બોલે તે પહેલા જ બેભાન થઈ ગયા હતા. મિનેશભાઈ અચાનક ઢળી પડતા હાજર મિત્રોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. તેમણે તાત્કાલિક 108 અને ખાનગી વાહન દ્વારા તેઓને રેસકોર્સ વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. જોકે, ત્યાં તેમની સ્થિતિ વધુ ગંભીર જણાતા તાત્કાલિક ગોત્રી હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના બિછાને પહોંચતા પહેલા જ મિનેશભાઈએ અંતિમ શ્વાસ લીધા હતા. ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગેની જાણ થતા જ વડોદરા તાલુકા પોલીસની ટીમ ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી આવી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ ઘટના હૃદયરોગનો હુમલો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે, પરંતુ મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. 50 વર્ષની વયે અચાનક બનેલી આ ઘટનાથી ઊંડેરા ગામ અને સેવાસી વિસ્તારના કન્સ્ટ્રક્શન જગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### તબીબો પરના હુમલા અને ચોરી રોકવા વડોદરા પોલીસનું ‘ઓપરેશન સિક્યુરિટી’

# સયાજી હોસ્પિટલ હવે બનશે ‘સેફ ઝોન’

**DCP** મંજીતા વણઝારાના નેતૃત્વમાં પોલીસ કાફલો હોસ્પિટલના ગ્રાઉન્ડ ઝીરો પર, સિક્યુરિટી ગાર્ડ્સને શીખવ્યા ઈમરજન્સી મેનેજમેન્ટના પાઠ



(પ્રતિનિધિ) વડોદરા. તા.7

મધ્ય ગુજરાતની સૌથી મોટી ગણાતી સયાજી હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી સુરક્ષાના મુદ્દે વણસેલી પરિસ્થિતિને થાળે પાડવા માટે વડોદરા પોલીસ હવે એક્શન મોડમાં આવી છે. હોસ્પિટલ પરિસરમાં ડોક્ટરો અને દર્દીઓના સગા વચ્ચે થતી માથાકૂટ તેમજ વધતા જતા ગુનાખોરીના ગ્રાફને ડામવા માટે આજે પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સિક્યુરિટી સ્ટાફ માટે એક વિશેષ માર્ગદર્શન અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં જ સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ વિભાગમાં એક મૃતક મહિલાના પરિવારજનો અને તબીબો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણનો બનાવ બન્યો હતો. આ ઘટનાને પગલે જુનિયર ડોક્ટરોએ પોતાની સુરક્ષાને લઈ ગંભીર ચિંતા વ્યક્ત કરી હડતાળનું શસ્ત્ર ઉગામ્યું હતું. માત્ર તકરાર જ નહીં, પરંતુ હોસ્પિટલના વિશાળ પરિસરમાંથી દર્દીઓના સમાનની ચોરી અને વાહન ચોરીની ઘટનાઓ પણ વહીવટી તંત્ર માટે માથાનો દુખાવો બની હતી. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ દ્વારા આ મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. આજરોજ DCP ઝોન-2 મંજીતા વણઝારા, ACP અશોક રાઠવા અને રાવપુરા પોલીસ સ્ટેશનના PI બી.જે. પટેલ સહિતનો પોલીસ કાફલો સયાજી હોસ્પિટલ ખાતે ઉતરી આવ્યો હતો. અધિકારીઓએ માત્ર સૂચનાઓ જ ન આપી, પરંતુ હોસ્પિટલના વિવિધ સંવેદનશીલ વિભાગો અને ગેટ પર જઈને ગ્રાઉન્ડ ઝીરોની પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. પોલીસ અધિકારીઓ સાથે સયાજી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ રંજન ઐયર, RMO ડૉ હિતેન્દ્ર ચૌહાણ અને સિક્યુરિટી ઈન્ચાર્જ અંકુર બારોટ ઉપસ્થિત રહ્યાં હતાં.

પોલીસ અધિકારીઓએ હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ્સ અને કર્મચારીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. જેમાં મુખ્યત્વે નીચે મુજબના મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ક્રાઈસિસ મેનેજમેન્ટ :- જ્યારે કોઈ દર્દીના સગા ઉશ્કેરાયેલા હોય ત્યારે તેમને કેવી રીતે શાંત પાડવા અને મામલો વણસે તે પહેલાં પોલીસને કેવી રીતે જાણ કરવી.

સર્વેલન્સ :- સીસીટીવી કેમેરા અને શંકાસ્પદ હિલચાલ પર સતત નજર રાખવી.

એન્ટ્રી-એક્ઝિટ કંટ્રોલ :- બિનજરૂરી ભીડને હોસ્પિટલના વોર્ડમાં પ્રવેશતા અટકાવવી.

શું કરવું અને શું ન કરવું :- કટોકટીના સમયે સંયમ જાળવીને કાયદાકીય રીતે પરિસ્થિતિને કેવી રીતે હેન્ડલ કરવી તેનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હોસ્પિટલ એ સંવેદનશીલ સ્થળ છે. અહીં તબીબો નિર્ભય બનીને સેવા આપી શકે અને દર્દીઓના પરિજનોને સુરક્ષિત વાતાવરણ મળે તે અમારી પ્રાથમિકતા છે. સિક્યુરિટી ગાર્ડ્સ એ સુરક્ષાની પ્રથમ કડી છે, તેથી તેમનું સજ્જ હોવું અનિવાર્ય છે. - મંજીતા વણઝારા (DCP, ઝોન-2)

પોલીસના આ સક્રિય અભિગમ અને તાલીમ કાર્યક્રમને પગલે સયાજી હોસ્પિટલના તબીબી આલમમાં રાહતની લાગણી જોવા મળી છે. લાંબા સમયથી ચાલી આવતી સુરક્ષાની માંગણીઓ પર અમલીકરણ થતું જોઈને કર્મચારીઓએ સંતોષ વ્યક્ત કર્યો છે. હવે આગામી દિવસોમાં હોસ્પિટલ પરિસરમાં પોલીસનું પેટ્રોલિંગ પણ વધારવામાં આવે તેવી શક્યતાઓ છે.

### કમ્પ્યૂટર કર્યા બાદ ડિગ્રીમાં આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ કોર્સનો ટ્રેન્ડ વધશે

# AIના યુગમાં ડિપ્લોમા એન્જિનિયરિંગમાં કમ્પ્યૂટર-આઈટીનો ક્રેઝ વધશે

**ધો.10નું** પરિણામ ઊંચું આવતા ડિપ્લોમામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની દોડ



(પ્રતિનિધિ) વડોદરા,તા.7

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બુધવારે ધોરણ-10નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગત વર્ષ કરતાં પરિણામ ઊંચું આવ્યું છે, જેના કારણે ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ધસારો વધે તેવી શક્યતા છે. ખાસ કરીને AIના કારણે કમ્પ્યૂટર-આઈટી બ્રાન્ચમાં વધુ ઝોક રહેશે તેવી આશા પ્રવેશ સમિતિના સભ્યો વ્યક્ત કરી રહ્યા છે.

ચાલુ વર્ષે નિયમિત વિદ્યાર્થીઓનું 83.86 ટકા પરિણામ આવ્યું છે, જે ગત વર્ષે 83.08 ટકા હતું. રિપીટર સહિત ગણતરી કરીએ તો અંદાજે 20 હજાર વધુ વિદ્યાર્થીઓ પાસ થયા છે. A-1 ગ્રેડમાં અંદાજે સાત હજાર અને A-2 ગ્રેડમાં ચાર હજાર વિદ્યાર્થીઓ પાસ થયા છે. A-1 અને A-2માં પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધતા ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે સ્પર્ધા વધશે. પ્રવેશ સમિતિના સૂત્રોના જણાવ્યા મુજબ, ગત વર્ષની જેમ આઈટી-કમ્પ્યૂટરનો ક્રેઝ યથાવત રહેશે. મોટાભાગના વિદ્યાર્થીઓ એવું માને છે કે, ડિપ્લોમા કમ્પ્યૂટર કર્યા બાદ ડિગ્રીમાં AI કે અન્ય સંલગ્ન વિષયો સાથે પૂર્ણ કરીશું. AIના કારણે કેટલાક વિદ્યાર્થીઓ ઈલેક્ટ્રિક, મિકેનિકલ, સિવિલ જેવી બ્રાન્ચો તરફ પણ વળ્યા છે. આ સ્થિતિમાં કમ્પ્યૂટર-આઈટીની બ્રાન્ચમાં ઊંચા મેરિટ સાથે બેઠકો ભરાઈ જવાની શક્યતા છે. ઓવરઓલ સરકારી કોલેજોની મોટાભાગની ડિપ્લોમા ઈજનેરીની બેઠકો ફુલ થઈ જશે તેવી આશા છે. અંતરિયાળ વિસ્તારમાં આવેલી કોલેજોની કેટલીક બેઠકોને બાદ કરતાં સરકારી કોલેજોમાં આઈટી-કમ્પ્યૂટરથી લઈને લગભગ મોટાભાગની બ્રાન્ચો ફુલ થશે તેવું સમિતિના સભ્યો માની રહ્યા છે.